# <u>વિદ્યાદીપ અકસ્માત વીમા યોજના</u>

## <u>ચેક લીસ્ટ</u>

✪ <u>ગુજરનાર શાળાના વિદ્યાર્થી હોવા બાબતે:</u>

(1) ગુજરનારનુ શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર જેમા શાળા છોડ્યા તારીખ ગુજરનાર વિદ્યાર્થીની અવસાન તારીખ કે ત્યારબાદની તારીખ હોવી જરૂરી છે.

(2) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું કારણ વિદ્યાર્થીનું અવસાન થવાથી હોવું જોઈએ.

(3) ગુજરનાર વિદ્યાર્થી અકસ્માત તારીખે શાળાના વિદ્યાર્થી હતા તેવું શાળાના આચાર્યનું પ્રમાણપત્ર.

(4) જો ગુજરનાર વિદ્યાર્થીના માતા અથવા પિતા નોંધાયેલ ખેડુત ખાતેદાર હોય તો તેમને ખેડુત ખાતેદાર યોજનામાં વધુ લાભ મળવાપાત્ર હોય જીલ્લા ખેતીવાડી અધિકારી સમક્ષ દાવો રજુ કરવા જણાવવું.

✪ <u>અકસ્માત મોત બાબતના પુરાવા</u>

(1) FIR/અકસ્માત મોત રજીસ્ટરની નોંધ

(2) સ્થળ પંચનામુ અને ઇન્કવેસ્ટ પંચનામુ

(3) પોસ્ટ મોર્ટમ રિપોર્ટ (જો પી.એમ. રિપોર્ટમાં વિશેરા લીધા હોય અને મૃત્યુનું ચોક્કસ કારણ પેન્ડીંગ રાખેલ હોય તો વિશેરા રિપોર્ટ બાદનો મૃત્યુના ચોક્કસ કારણ સાથેનો ફાઇનલ પી.એમ.રિપોર્ટ)

(4) જે કિસ્સામાં પોલીસ પેપર્સ તથા પી.એમ. રિપોર્ટ ન થયા હોય તેવા કિસ્સામાં કલેક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવું

✪ <u>કાયમી અપંગતાના કિસ્સામાં</u>

(1) અપંગતાનો કેસ હોય તો તેવા કિસ્સામાં કાયમી અપંગતા બાબતે સરકારી હોસ્પિટલના સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ફરજીયાત.

(2) સારવારના પેપર્સ ફરજીયાત.

(3) અપંગતાવાળો ફોટો.

✪ **<u>ઓળખ અને ઉંમરના પુરાવા</u>**

(1) ઓળખના પુરાવા માટે ગુજરનારનું આધાર કાર્ડની નકલ ફરજીયાત.

(2) ઉંમરના પુરાવા માટે ગુજરનારનો શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

✪ **<u>અરજદારના પુરાવા</u>**

(1) અરજદાર ગુજરનારના સીધી લીટીના વારસદાર હોવા બાબતે તલાટી દ્વારા પ્રમાણિત થયેલ પેઢીનામુ.

(2) જો અરજદાર સીધી લીટીના વારસદાર ન હોય તો જેમકે અરજદાર ભાઈ-બહેન હોય તો અને બધા જ ભાઈ બહેનોનું સંમતિપત્રક સોગંદનામાં ઉપર.

(3) અરજદારનું આધાર કાર્ડ (ફરજીયાત).

✪ **<u>અકસ્માત સમયે ગુજરનાર વાહન ચલાવતા હોય તો</u>**

(1) અકસ્માત સમયે ગુજરનાર પોતે વાહન ચલાવતા હોય તો જે તે વાહન ચલવવાનું અકસ્માત સમયે વેલીડ અને ઇફેટીવ હોય તેવું ડ્રાઈવીંગ લાઇસન્સ.

(2) લાઇસન્સ ધરાવતા હોય પરંતુ ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં જે તે જિલ્લા RTO પાસેથી Driving License Extract મેળવવું.

(3) ડ્રાઈવીંગ લાઇસન્સ ધરાવતા ન હોય/ખોવાઈ ગયું હોય/મળતું ન હોય/રજૂ કરી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં નોડલ અધિકારી કક્ષાએથી દાવો નામંજુર કરવાનો રહેશે.

✪ **<u>અરજદારની બેંકની ડીટેલ્સ</u>**

- નીચેના ટેબલમાં જણાવેલ બેંકની વિગતો સાથેની પાસબુકની નકલ
- ગુજરનાર વિદ્યાર્થીની નહિ પરંતુ તેમના અરજદાર માતા/પિતાની બેંક વિગતો રજુ કરવી.

| | |
|---|---|
| અરજદાર/ખાતાધારકનું નામ | |
| Account No. | |
| IFSC Code | |
| બેંકનું નામ અને સરનામુ | |
| બ્રાંચનું નામ | |
| અરજદાર/ખાતાધારકનું આધાર કાર્ડ નંબર (આધાર કાર્ડની નકલ ફરજીયાત) | |

✪ <u>વધારાના પુરાવા</u>

(1) પરિશિષ્ટ ૧/અરજી પત્રક ફરજિયાત અસલમાં અરજદારની સહી સાથે

(2) પરિશિષ્ટ ૨ જીલ્લા પ્રાથમિક / શિક્ષણ અધિકારીની સહી સાથે ફરજીયાત

(3) બાહેંધરીપત્રક <u>(તા. ૦૧/૦૪/૨૦૨૫ અને ત્યારબાદ અકસ્માત મૃત્યુના કિસ્સામાં સદર બાહેંધરી પત્રક/ઇન્ડેમ્નીટી બોન્ડ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરીને રજૂ કરવાનું રહેશે.)</u>

(4) મરણનું પ્રમાણપત્ર

(5) રજૂ થયેલ દસ્તાવેજોમાં ગુજરનાર/અરજદારના નામમાં અલગ-અલગ નામ હોય અથવા અલગ-અલગ અટક હોય તો તેવા કિસ્સામાં આ અલગ-અલગ નામ અને અટકવાળા વ્યક્તિ એક જ હોવા બાબતે તલાટીનો દાખલો.

**<u>નોંધ:</u>** નોડલ અધિકારી દ્વારા ઉપરોક્ત તમામ દસ્તાવેજો અરજદાર પાસેથી મેળવી તેની ચકાસણી કરી દાવો GSJJAVY પોર્ટલમાં નોંધણી કરી ડિક્લેરેશન સર્ટીફીકેટ સહિ સિક્કા કરી સંપૂણ દાવા દસ્તાવેજો ફિજીકલી વીમા નિયામકની કચેરીને મોકલી આપવા.